કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા ખાતે યોજાયેલ બીજ મંત્ર યગ્ન .




શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા ખાતે યોજાયેલ ગોપાળાનંદ સ્વામી કૃત બીજ મંત્ર યગ્ન તારીખ. 18.11.2025 થી તારીખ. 28.11.2025 સુધી યોજાયેલ .આ બીજ મંત્ર યગ્ન ગુરુકુળ સંસ્થા નાં વરિષ્ઠ સંત અ. નિ. શ્રી હરિહર સ્વામીજી ના પુણ્યાર્થે ગુરુકુળ ના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી નાં સંકલ્પ થકી રાખવામાં આવેલ જેમાં જુનાગઢ ના વિદ્વાન આચાર્ય શ્રી રવિન્દ્રભાઈ જોષી સાથે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા આજરોજ મહા અનુષ્ઠાન પૂર્ણ કરવામાં આવેલ. આ અગીયાર દિવસ ના અનુષ્ઠાન માં સપૂર્ણ સેવા તથા તમામ જવાબદારી ગુરુકુળ સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. આજના પૂર્ણાહુતિ ના રોજ ગુરુકુળ સંસ્થા ના ટ્રસ્ટી શ્રી ઘનશ્યામભાઈ કણકોટિયા ખાસ પધારેલ સાથે ગુરુકુળ શાળા ના તમામ શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.

કે.કે. NEWS

તારીખ : 28/11/2025

# ખાંભા તાલુકાના ગીદરડી ગામે ખેડૂત પર હુમલો કરનાર સિંહણ પાંજરે પુરાઈ.



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીદરડી ગામે બે દિવસ પહેલા વાડીમાં પાણી વાળી રહેલા એક યુવાન પર સિંહણે હુમલો કરી ઈજા કર્યા બાદ વન તંત્રે ૨૭ નવેમ્બર ૨૦૨૫ ગુરુવારે આ સિંહણને પાંજરે પૂરી આ વિસ્તારમાંથી દૂર કરી છે. અમરેલી જિલ્લામાં વાડી ખેતરોમાં કામ કરતા મજૂરો પર 24 કલાકમાં જ બે સિંહણે હુમલા કર્યાની ઘટના સામે આવી હતી. અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હામાપુરમાં સિંહણે પાંચ વર્ષના એક બાળકને ફાડી ખાધો હતો. તેના 24 કલાકમાં જ ખાંભા તાલુકાના ગીદરડી ગામના મુકેશભાઈ લખુભાઈ સોલંકી બે દિવસ પહેલા સવારે પોતાની વાડીમાં પાકમાં પાણીવાળી રહ્યા હતા તે સમયે અચાનક આવી ચડેલી એક સિંહણે તેના પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ યુવકને સારવાર માટે ખાંભા બાદ અમરેલી સિવિલમાં ખસેડાયો છે.બીજી તરફ આ ઘટના બાદ વન વિભાગ દ્વારા હિંસક બનેલી સિંહણને પકડવા પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. અને 24 કલાકની જહેમતના અંતે વન તંત્રને આ સિંહણને પાંજરે પુરવામાં સફળતા મળી હતી.મળતી વિગતો મુજબ થોડા દિવસ આ સિંહણને ઓબ્ઝર્વેશનમાં રખાશે અને ત્યારબાદ તેને ફરી મુક્ત કરવા અંગે નિર્ણય કરવામાં આવશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

908 124 1916




## ૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર.. *

*શરતો લાગુ

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

27 DAYS LEFT

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

તો ખરીદી કરવા નું ભૂલશો નહી !!

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

# કન્ઝ્યુમર ઓવેરનેસ કાર્યક્રમ સેમિનાર યોજાયો




## કણકિયા કોલેજ સાવરકુંડલા ખાતે આજરોજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કન્ઝ્યુરમ કાર્યક્રમ સેમિનાર યોજાયો










લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા કાણાકીય કોલેજ ખાતે કણકીયા કોલેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી મિત્ર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ ના સેક્રેટરી મયંકભાઈ ગોસાઈ, બીપીનભાઈ બેલાણી, સાવરકુંડલા ના સાઈબર ક્રાઈમ ના પી.આઈ શ્રી કુંગાસીયા સાહેબ, કણકીયા કોલેજના પ્રિન્સિપાલ રવૈયા સાહેબ,BSNL, jio, Airtel, કંપનીના પ્રોવાઈડર, કમલભાઈ શેલાર, હિતેશભાઈ નિમ્બાર્ક, જતીનભાઈ બનજારા, અશોકભાઈ અગ્રાવત, તેજસભાઈ પડયા, રોનકભાઈ પડયા, તેમજ કાણકિયા કોલેજના વિદ્યાર્થીઓને સુંદર હાલના સમયમાં ખૂબ જ સાયબર ક્રાઈમ વધવા લાગ્યો છે તેમની યોગ્ય માહિતી પૂરી પાડી હતી અને દરેક વિદ્યાર્થી ઓને આ સેમિનારથી ખૂબ જ જાણવા મળ્યું હતું કે મોબાઈલની દુનિયામાં આપણે કેવી રીતે સતક રહેવું પડે તેની દરેક કંપનીના પ્રોવાઈડરોએ માહિતી પૂરી પાડી હતી સમગ્ર કાર્યક્રમનું સુંદર મજાનું આયોજન કણકીયા કોલેજના શિક્ષક ગણો તેમજ લાયન્સ ક્લબના શિક્ષક શ્રી જતીનભાઈ બનજારા દ્વારા સુંદર કામગીરી કરી ને કાર્યક્રમના સફળ બનાવ્યો હતો

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923
KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુપર ધમાકા ઓફર

માત્ર રૂા. 99 માં

HD ગ્લાસ સાથે V8, ટાઈપ સી કેબલ અને ઈયરફોન ફ્રી...


માત્ર રૂા. ૯૯ માં કવર સાથે HD ગ્લાસ ફ્રી...

## જનતા મોબાઈલ

પોસ્ટ ઓફીસ રોડ, કલ્પના શુઝની બાજુમાં, સાવરકુંડલા. મો. 81540 68808

કે.ડી. NEWS
તારીખ : 28/11/2025

# ગુજરાતી ભાષાના કવિ કરસનદાસ માણેક નો આજે જન્મદિવસ...



કરસનદાસ નરસિંહ માણેક (ઉપનામ: વૈશંપાયન) (૨૮ નવેમ્બર ૧૯૦૧ - ૧૮ જાન્યુઆરી ૧૯૭૮) ગુજરાતી ભાષાના કવિ, વાર્તાકાર અને નિબંધકાર હતા.તેમનો જન્મ કરાચીમાં થયો હતો. તેઓ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના હડિયાણા ગામના વતની હતા. ૧૯૨૩માં કરાચીની ડી.જે. કોલેજમાં દાખલ થઈ ૧૯૨૭માં સંસ્કૃત-અંગ્રેજી વિષયો સાથે બી.એ. થયા. ૧૯૩૯ સુધી હાઈસ્કૂલોમાં આચાર્ય તરીકે કામ કર્યું અને એ દરમિયાન એક વર્ષ ડેઈલી મિરર નામનું અંગ્રેજી છાપું ચલાવ્યું, તેમ જ ૧૯30 અને ૧૯૩૨માં આઝાદીની ચળવળમાં જોડાઈ જેલવાસ પણ ભોગવ્યો. ૧૯૩૯થી જન્મભૂમિના તંત્રી વિભાગમાં સેવાઓ આપી. મુંબઈમાં ૧૯૪૮થી જન્મભૂમિ ટ્રસ્ટના નૂતન ગુજરાતના તંત્રી પદે રહ્યા અને ૧૯૫૧થી સારથિ સાપ્તાહિક અને પછી નચિકેતા માસિક શરૂ કર્યું.તેમનું અવસાન ૧૮ જાન્યુઆરી ૧૯૭૮ના રોજ વડોદરામાં થયું હતું.તેઓ મુખ્યત્વે કવિ હતા પણ વાર્તા, નિબંધ, ચરિત્ર વગેરે સાહિત્ય સવરૂપોમાં પણ એમણે સર્જન કર્યું છે. સોનેટ, અંજનીગીત, ગેયકાવ્ય, મરાઠી સાજી, ખંડકાવ્ય જેવા કાવ્યપ્રકારોને વાહન બનાવીને તેમણે તદઅનુસારી ભાવ, વાણી અને છંદના પ્રયોજનમાં સફળતા મેળવી છે. વૈશંપાયનની વાણીના કાવ્યો ધારદાર વ્યંગપૂર્ણ અભિવ્યક્તિને કારણે જન્મભૂમિમાં પ્રગટ થતાં હતાં ત્યારથી જ લોકપ્રિય બની ગયાં હતાં. કરસનદાસ માણેકે અનેક કથાઓ, આઝાદીની યજ્ઞજ્વાળાના વર્ણનો, લઘુનવલો અને ચિંતનાત્મક નિબંધો વગેરે ગુજરાતી સાહિત્યને આપ્યા છે.'ખાખનાં પોયણાં' (ખંડકાવ્યો), 'આલબેલ', 'મહોબતને માંડવે', 'વૈશંપાયનની વાણી', 'પ્રેમધનુષ્ય', 'અહો રાયજી સૂણિયે', 'કલ્યાણયાત્રી', 'મધ્યાહ્ન', 'રામ તારો દીવડો', વગેરે તેમનું સર્જન છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિદેશગમન શુભકામનાઓ..






## શ્રી હિતેષદાદા શાસ્ત્રી

(ધારવાળા) આપશ્રી દુબઈમાં દિવ્ય સત્સંગ કરવા તેમજ યાત્રા પ્રવાસમાં તા. ૨૯/૧૧/૨૦૨૫ ના શુભ દિવસે જતા હોઈ

ત્યારે આપની વિદેશયાત્રા સફળ રહે તેવી અંતઃકરણની શુભકામનાઓ...

મહેશભાઈ વી. મહેતા (ધાર)
રેણુકાબેન મહેતા
નીપાબેન મહેતા
ભાવિકાબેન મહેતા
વૈશાલી મહેતા
ઉષાબેન હિતેશભાઈ મહેતા

શૈલેષ પંડયા (નિશેષ, જામનગર)
સતીષ જોષી (સાવરકુંડલા)
કશ્યપ ત્રિવેદી (અમરેલી)
મિત હિતેશભાઈ મહેતા
મંત્ર હિતેશભાઈ મહેતા

કે.ડી. NEWS
તારીખ : 28/11/2025

# સાવરકુંડલા શહેરની કે.કે. હોસ્પિટલમાં નવી સરકારી બ્લડ બેંક ત્વરિતપણે શરૂ કરવા અંગે બેઠક યોજાઈ.



સાવરકુંડલા શહેરની કે.કે. હોસ્પિટલમાં નવી સરકારી બ્લડ બેંક ત્વરિતપણે શરૂ કરવા અંગે હોસ્પિટલ અધિક્ષક, સ્ટાફ તથા સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરી જરૂરી માર્ગદર્શન સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ આપ્યું હતું. આ તકે ડોક્ટરશ્રી અને હોસ્પિટલનો સ્ટાફ અને ધારાસભ્યશ્રી સાથે રાજકીય આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ કાર્યકર્તાઓ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.નાગરિકોને સમયસર અને વિશ્વસનીય આરોગ્યસેવાઓ મળી રહે તે માટે સરકાર સતત પ્રતિબદ્ધ છે. તેવું સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું.



નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 28/11/2025

કે.ડી. NEWS

# ચલાલાના બોડકા હનુમાન મંદિરે આજથી ત્રિ-દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.

હજારો ભાવિક ભક્તજનોનું આસ્થા અને વિશ્વાસ નું સ્થાન એવું વીખ્યાત બોડકા હનુમાનજી મંદિરમાં મંદિરના બહ્મલીન મંહત પૂજ્ય અમરગીરીબાપુની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન 28 થી 30 નવેમ્બર 2025 સુધીના સંતો મહંતોની હાજરીમાં કરાયું છે. તારીખ 28ના રાત્રીના 9:00 કલાકે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર ભજનીક પરસોતમપરી બાપુ લોક સાહિત્યકાર નાજાભાઈ આહીર,ભજનીક નીરજ બારોટ, ભજનિક બાલુભાઈ ભીસરીયા, સ્ટેજ સંચાલક જીગ્નેશ કુંચાલા સહિતના કલાકારો દ્વારા સંતવાણી અને લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં ચલાલા દાનેવ ધામના મહંત મહારાજ વલકુબાપુ, જુનાગઢ ભારતી આશ્રમના મહામંડલેશ્વર હરિહરાનંદ બાપુ, મહામંડલેશ્વર રમજુબાપુ, વાંકુની ધારના મહંત રામબાલક દાસબાપુ, ચલાલા ગાયત્રી ધામના ડો. રતિદાદા મહેતા, માનવ મંદિર સાવરકુંડલાના ભક્તિરામ બાપુ,રાજકોટના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન અને પૂર્વ સાંસદ દિલીપભાઈ સંઘાણી, રાજ્ય સરકારના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે.વી.કાકડીયા, રાજુલા જાફરાબાદના હીરાભાઈ સોલંકી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા સહિતના રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના મુખ્ય યજમાન ઉદ્યોગપતિ સાગરભાઈ ઘોહાભાઈ ડાભીયા છે. તેમજ પ્રતિષ્ઠા કર્મોના આચાર્ય શાસ્ત્રી લલિત દાદા મહેતા છે. ત્યારે આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામ અને હનુમાનજી ના આર્શીવાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવશે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





# શુભ આરંભ

દિપકભાઈ મસરાણી વંડાવાળા આયોજીત

# જય ભવાની ટ્રાવેલ્સ

તા. ૨૮/૧૧/૨૫ ના રોજથી તદ્દન
ન્યુ બ્રાન્ડ ૨x૧ લકઝરી કોચ, ડેઈલી સર્વિસ

હીપાવડલી થી અમદાવાદ વાયા વંડા, પિયાવા, પીઠવડી,
સાવરકુંડલા, અમરેલી, લાઠી, ઢસા, વલ્લભીપુર, ધંધુકા,
**સાવરકુંડલા થી અમદાવાદ દરરોજ રાત્રે ૧૦ કલાકે**

વંડાથી સુરત, વાયા પિયાવા, સેંજળ, પીઠવડી, ઝીંઝુડા,
સાવરકુંડલા, અમરેલી, ઢસા, સુરત સાંજે ૫:૩૦ કલાકે

સાવરકુંડલાથી સુરત વાયા ઝીંઝુડા, પીઠવડી, પિયાવા, વંડા, ગારીયાધાર,
શિંહોર, સણોસરા, નારી ચોકડી, સુરત, ડેઈલી સર્વિસ સાંજે ૬ કલાકે

નવા આગરીયાથી સુરત વાયા મોટા આગરીયા થોરડી, દેતડ, દોલતી,
આંબરડી, કૃષ્ણગઢ, અભરામપરા, શાંતિનગર, જાબાળ, સુરજવડી, બાઢડા,
સાવરકુંડલા, અમરેલી, લાઠી, ઢસા, સુરત ડેઈલી સર્વિસ સાંજે ૬:૩૦ કલાકે

| સાવરકુંડલા ઓફીસ | વંડા ઓફીસ | સાવરકુંડલા ઓફીસ |
| --- | --- | --- |
| પારસ ટ્રાવેલ્સ | દિપકભાઈ મસરાણી | જય ભવાની ટ્રાવેલ્સ, |
| બાલમંદીર પાસે, | મો. 99257 55621 | નુતન લોજ નીચે, |
| મુકેશભાઈ કાનાણી | મો. 99259 66421 | ભરતભાઈ ચુડાસમા |
| મો. 99786 12255 | | મો. 99240 17530 |
| મો. 94280 66663 | | મો. 95746 55621 |

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ધારી તાલુકાના કેરાળામાં સ્વામિનારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન.




અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કેરાળા કમી મુકામે સ્વામિનારાયણ સત્સંગ પરિવાર આયોજિત સ્વામિનારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો છે જેમાં કથાના વક્તાશાસ્ત્રી સ્વામી ભક્તિ કિશોરદાસજી કથાનું રસપાન કરાવી રહ્યા છે. આ તકે ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે.વી.કાકડિયા, ધારી તાલુકા પંચાયતના ચેરમેન બીજુભાઈ વાળા, તાલુકા પંચાયતના સભ્ય બાબુભાઈ વાળા, ધારી માર્કેટિંગ યાર્ડ વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

# અશ્રુભીની શ્રધ્ધાંજલી



# સ્વ. બાલકૃષ્ણભાઈ રત્નાભાઈ પરમાર

(ઉ.વ.૫૪) (સ્વ. તા. ૨૮/૧૧/૨૩, મંગળવાર), ખાદી કાર્યાલય, સા.કું.

તમારો હસતો ચહેરો સદાય નજર સમક્ષ યાદ આવશે, આપના મીલનસાર સ્વભાવ,
ધર્મ પ્રત્યેની આસ્થા, કર્મમાં પૂર્ણતા, વ્યવહાર કૂશળતા,
પુરૂષાર્થ સભર ઉચ્ચ આદર્શો સાથેનું જીવન અમારા માટે સદા પ્રેરણાદાયી બનશે.
પ્રભુ આપના પુણ્યશાળી આત્માને દિવ્ય શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

* રત્નાભાઈ બી. પરમાર (પિતા)
* પ્રભાબેન રત્નાભાઈ પરમાર (માતા)
* ઉર્મિલાબેન બાલકૃષ્ણભાઈ પરમાર (પત્ની)
* યોગેશકુમાર રત્નાભાઈ પરમાર (ભાઈ)
* નવીનકુમાર રત્નાભાઈ પરમાર (ભાઈ) (સાર્વજનિક હોસ્પિ., સા.કું.)
* વનિતાબેન નવીનકુમાર પરમાર (ભાઈની પત્ની)
* હિના બાલકૃષ્ણભાઈ પરમાર (પુત્રી) (અર્બન હેલ્થ સેન્ટર, સા.કું.)
* ચિરાગ બાલકૃષ્ણભાઈ પરમાર (પુત્ર)
* જૈમિન નવિનકુમાર પરમાર (ભત્રીજો)
* હેત્વી નવીનકુમાર પરમાર (ભત્રીજી)

**પરમાર પરિવારનાં જય માતાજી**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા શહેર તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે SIR સંદર્ભે બેઠક યોજી જરૂરી માર્ગદર્શન આપતા ધારાસભ્યશ્રી.



સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા શહેર તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે SIR સંદર્ભે બેઠક યોજી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.આ અભિયાનનો હેતુ માત્ર યાદીનું સુધારણા કરવો નથી, પરંતુ દરેક પાત્ર નાગરિકને મતાધિકાર પ્રાપ્ત થાય એ સુનિશ્ચિત કરવો છે.તેવું ધારાસભ્યશ્રી એ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# હર ઘર રામ... સાથ મેં હનુમાન...



આપ સૌ સાવરકુંડલા વાસી પરિવારજનોને જણાવવાનું કે... આપ સૌ હવે આપના ઘર આંગણે શ્રી રામજી અને અમના દૂત શ્રી હનુમાનજીની સ્થાપના કરી શકો છો... જે પરિવાર જનો રામજીનો સત્સંગ અને સ્થાપના કરવા ઈચ્છુક હોય એ પરિવાર અચૂક સંપર્ક કરે...આ સદવિચારનો ફક્ત એક જ ઉદ્દેશ છે કે ઘરે ઘરે રામજીની સ્થાપના અને પરિવારમાં સુખ શાંતિ બાળકોમાં સારા સંસ્કાર એ જ ભાવના...

## : કાર્યક્રમની રૂપરેખા :

આ કાર્યક્રમ એક કલાક નો રહેશે જેમાં રામ ધૂન, ભૂદેવ દ્વારા રામજીનું સ્થાપન પૂજા અર્ચન અને હનુમાન ચાલીશાના પાઠ

**વધુ માહિતી માટે સંપર્ક**

**ઉમંગબાપુ કુબાવત * સ્મિતભાઈ વણઝારા**

**મો. 76007 05494/ 90999 73697**

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સાવરકુંડલા તાલુકાના આયુષ્માન આરોગ્ય મંદિર પિયાવા ખાતે આંખની તપાસ તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



જેમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃત ભાઈ ચૌહાણ , ઓપ્ટોમેટ્રિસ્ટ હાર્દિક ભાઈ પટેલ મેડિકલ ઓફિસર જયદીપ કિકાણી પ્રકાશભાઈ હેલૈયા તથા આશા બહેનો દ્વારા પોતાની સેવા આપવામાં આવી તથા કેમ્પમાં આવેલા બધા જ લાભાર્થીઓએ ઉત્સાહ પૂર્વક આંખની તપાસ કરાવી અને મોતિયા ના દર્દીને આગળ સારવાર અર્થે મોકલ્યા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## સ્પેશ્યલ એક્ષચેન્જ ઓફર ટુંક સમય માટે જ....

**હવે એક્યુરેટમાંથી ખરીદી કરવી વધારે ફાયદામાં !!!**
**બધે જ ભાવ પુછીને આવો...**

* અમારા દ્વારા વગર વ્યાજના હપ્તા
ફાઈલ ચાર્જ કે પેનલ્ટી નહીં * કોઈ છુપા ચાર્જ નહીં

વેચાણ પછીની ઉત્તમ સેવા...
તો વધારે નાણા શા માટે ચુકવો છો ? આવો પધારો...



જુના ટીવીના રૂા. ૭૦૦૦ સુધી બાદ તથા ખરીદી સાથે ગીઝર ભેટ મેળવો..



મીની ગીઝર MCB સાથે..
૧ યુનિટમાં ૮૦ લીટર ગરમ પાણી
૧ વર્ષ પીસ ટુ પીસની ગેરેંટી.. કિંમત માત્ર રૂા. ૧૫૦૦




૩ લીટર ગીઝર
કિંમત રૂા. ૨૭૦૦ થી શરૂ...
૧ વર્ષની વોરંટી



લેપટોપ
ડેલ, આસુસ, લીનોવા દરેક મોડલ હાજરમાં...

### ખાસ એક્ષચેન્જ ઓફર

જુના ટીવીના ૭૦૦૦ સુધી * જુની ઘંટીના ૨૫૦૦
જુના મિક્ષ્ચરના રૂા. ૭૫૦ * જુના ગ્રાઈન્ડરના રૂા. ૨૫૦
જુની ઈસ્ત્રીના રૂા. ૧૦૦ * ફર્નિચરમાં પણ એક્ષચેન્જ સ્કીમ

આ ઉપરાંત એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન,
ઘરઘંટી, સેટી, પલંગ, કબાટ, સોફા વિગેરે તો ખરૂ જ...

# એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ 3333

તારીખ : 28/11/2025

કે.ડી. NEWS

# સાવરકુંડલા તાલુકા ના મેકડા ગામે નવા બંધાયેલા સ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયેલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ







સાવરકુંડલા તાલુકાના મેકડા ગામે નવા બંધાયેલ ગઢડા તાબાના સ્વામિનારાયણ મંદિરમાં આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદ તથા ભાવિ આચાર્ય શ્રી લાલજીમહારાજ , ગઢડા ના SP સ્વામી ના રૂડા આશીર્વાદથી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૬-૧૧-૨૦૨૫ સુધી આસ્થા તથા ઉમંગ થી ઉત્સાહભેર ઉજવાયો હતો. ત્રણ દિવસ ના આ મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં તા. ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ રુદ્રી વાંચન થી આ કાર્યક્રમ નો શુભારંભ થયો હતો. તા. ૨૫-૧૧-૨૦૨૫ ના રોજ યજ્ઞ, નગર યાત્રા, ધર્મકુળ નું આગમન અને સત્સંગ સભા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અને કાર્યક્રમ ના છેલ્લા દિવસે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા નો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ત્રણ દિવસ ના આ કાર્યક્રમ માં સમાપન માં મહાપ્રસાદ નું સૌના માટે આયોજન થયું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે બ્લોક ના દાતા લખાણી પરિવાર, માણકી (ઘોડી) ના દાતા મહેશભાઈ લખાણી, રસોઈ ના દાતા નરસિંહભાઈ અકબરી પરિવાર તેમજ અલગ- અલગ દાતાઓના સહયોગથી આ કાર્યક્રમ સફળ થયો હતો. ઉપરાંત સેવા કાર્યક્રમ માં જોડાયેલા ભગવાનભાઈ રંગોળીયા, પરશોતમભાઈ સાવલિયા, ધીરુભાઈ રાણપરીયા, ભોળાભાઈ રાણપરીયા, શામજીભાઈ અકબરી, પ્રવિણભાઈ માલાણી, ગોબરભાઈ હિરપરા, ભીખાભાઈ રાણપરીયા, બાબુભાઈ રાણપરીયા, મનુભાઈ અકબરી, કનુભાઈ અકબરી, રમેશભાઈ લખાણી, બાબુભાઈ રંગોળીયા, રણછોડભાઈ રાણપરીયા, ચીમનભાઈ અકબરી, વિનુભાઈ માકાણી ઘનશ્યામભાઈ સાવલિયા, સુનિલભાઈ અકબરી, નાથાભાઈ ગેડીયા,હરિભાઈ ખસીયા, અમરેલી,ગઢડા અને સાવરકુંડલા ની સાખ્યયોગી બહેનો તથા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે અતિથિ વિશેષ તરીકે પધારેલ મેકડા લાલજી મંદિર ના મહંત શ્રી સેવાદાસ બાપુ આ તમામ લોકો ના સાથ- સહકાર થી સમગ્ર કાર્યક્રમ ખુબ જ સારી રીતે સંપન્ન થયો હતો.

કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# SIR-2025

## ૯૭ સાવરકુંડલા વિધાનસભા મતદાર વિભાગ છેલ્લી તક...

૯૭ સાવરકુંડલા વિધાનસભા મતદાર વિભાગનાં કોઈપણ મતદાર (સાવરકુંડલા તાલુકાના કોઈપણ ગામ કે સાવરકુંડલા શહેર) પોતાના ફોર્મ અને સાથેના ડોકયુમેન્ટ નીચેના સ્થળ અને તારીખે જમા કરાવી શકશે.

**તારીખ : ૨૯/૧૧/૨૦૨૫**
**સમય : બપોરના ૧૨ થી સાંજના ૫**

**તારીખ : 30/૧૧/૨૦૨૫**
**સમય : સવારના ૧૦ થી સાંજના ૫**

**સ્થળ : મામલતદાર કચેરી, સાવરકુંડલા**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# રાષ્ટ્રની સરહદોનો સાક્ષાત્કાર: યુવાનોમાં દેશભક્તિની જ્યોત પ્રજ્વલિત

## ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'આપણી સરહદ ઓળખો' કાર્યક્રમ થકી કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદો પર ફરજ બજાવતા વીર જવાનોના જીવન-કાર્યો વિશે યુવાનોને પ્રેરણાદાયક માહિતી મળી.





સમગ્ર ગુજરાતના 29 જિલ્લાના 100 યુવક-યુવતીઓ 10 દિવસના પ્રવાસે; સરહદની સુરક્ષા અને સમૃદ્ધ સંસ્કૃતિનો કરશે અનુભવભુજ, કચ્છ: ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'આપણી સરહદ ઓળખો' કાર્યક્રમ કચ્છમાં સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવી રહ્યો છે. સમગ્ર ગુજરાતના 29 જિલ્લામાંથી 100 યુવક-યુવતીઓ  3 ડિસેમ્બર, 2025 સુધીના 10 દિવસના પ્રવાસે કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદો, ભૌગોલિક સ્થિતિ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો અનુભવ કરવા આવ્યા છે.જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ-કચેરી-ભુજ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને રાષ્ટ્રની સરહદો, પુરાતત્વીય વારસો, કચ્છી સંસ્કૃતિ, જીવનશૈલી અને કલા-કસબ વિશે વિસ્તૃત માહિતી આપીને રાષ્ટ્રની સુરક્ષા અને સેવા માટે પ્રેરણા આપવાનો છે.આ કાર્યક્રમમાં યુવક-યુવતીઓ કચ્છ અને બનાસકાંઠાના 22 જેટલાં વિવિધ સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. આ મુલાકાતમાં સરહદી વિસ્તારો જેવા કે ખરદોઈ પોસ્ટ આંતરરાષ્ટ્રીય બોર્ડર, ધોરડો સફેદ રણ, જખૌ પોર્ટ અને નડાબેટ સીમા દર્શન (સુઈ ગામ, બનાસકાંઠા) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તેઓ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો જેવા કે ધોળાવીરા, કાળો ડુંગર, માતાના મઢ, લખપત ફોર્ટ, માંડવી બીચ વ્રજવાણી એકલ માતા રવેચી ધામ વાગડ નારાયણ સરોવર-કોટેશ્વર મેરીયા નેચર ઝોન ચોબારી અને મેકણદાદા સ્થાનક ધ્રગની પણ મુલાકાત લઈ રહ્યા છે.યુવાનોને કચ્છના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, લોકકલા, સંગીત, નૃત્ય, પરંપરાઓ અને જીવનશૈલી વિશે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તેઓને કચ્છી ભરત ગુંથણ, લાકડાંની કોતરણી અને માટીકામ જેવી આગવી કલા-કસબ વિશે પણ જાણકારી આપવામાં આવી રહી છે આંતરરાષ્ટ્રીય સરહદ પર ફરજ બજાવતા વીર જવાનોના જીવન, કાર્યો, રાષ્ટ્રની સુરક્ષા માટે તેમના બલિદાન અને યોગદાન વિશે માહિતી આપવામાં આવે છે. આનાથી યુવાનોમાં દેશભક્તિ અને રાષ્ટ્ર સેવા માટેની પ્રેરણા વધુ પ્રબળ બને છે.આ કાર્યક્રમ જિલ્લા યુવા વિકાસ અધિકારી દેવાંશીબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ પ્રાંત યુવા વિકાસ અધિકારી નરસિંહભાઈ ગાગલ, સિનિયર ક્લાર્ક યોગેશભાઈ આચાર્ય અને ઈન્સ્ટ્રક્ટરશ્રીઓ રામજીભાઈ મેરિયા,  સતીશભાઈ પાંડે, અરવિંદ પડાલિયા, કિશોરભાઈ હેડાવ અને રસીદભાઈ સમા શાંતીબેન સોલંકી તેમજ કો-ઓર્ડીનેટર દેવેનસિંહ વાળા દ્વારા સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવી રહ્યો છે. આ સમગ્ર ટીમ શિબિરાર્થીઓને દરેક સ્થળની વિસ્તૃત જાણકારી અને માહિતી પૂરી પાડી રહી છે.આ કાર્યક્રમ યુવાનોને રાષ્ટ્રની સરહદો, સાંસ્કૃતિક મૂલ્યો અને વીર જવાનોના યોગદાન વિશે પ્રત્યક્ષ અનુભવ આપીને તેમને વધુ જાગૃત અને જવાબદાર નાગરિક બનાવવા માટેનું એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડે છે.બ્યુરો ચીફ યોગેશ ઉનડકટ



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- ✻ અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- ✻ અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- ✻ દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
- ✻ ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ✻ ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- ✻ સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- ✻ દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- ✻ સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- ✻ બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- ✻ સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- ✻ એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- ✻ MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ✻ ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- ✻ TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- ✻ સ્રીરોગ નિદાન અને સારવાર.
- ✻ અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- ✻ જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- ✻ કુટુંબ નિયોજન કેન્દ્ર.
- ✻ વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ✻ ગભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- ✻ કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- ✻ એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અભિનેતા ધર્મેન્દ્રના અવસાનના ત્રણ દિવસ બાદ તેમના પત્ની હેમામાલિનીએ ભાવુક પોસ્ટ શેર કરી..



અભિનેતા ધર્મેન્દ્રના નિધનના ત્રણ દિવસ બાદ તેમના પત્ની હેમામાલિનીએ ભાવુક પોસ્ટ શેર કરી છે. તેમણે ધર્મેન્દ્ર સાથેની તસવીરો શેર કરતાં કહ્યું, કે 'ધરમ જી મારા માટે સર્વસ્વ હતા. એક પ્રેમાળ પતિ, અમારી પુત્રીઓ માટે સ્નેહી પિતા, મિત્ર, કવિ. સારા અને ખરાબ સમયમાં તેઓ હંમેશાં મારી સાથે રહ્યા. પોતાના મિત્રતાપૂર્ણ સ્વભાવથી તેમણે મારા પરિવારમાં સૌ કોઈના દિલ જીતી લીધા હતા. તેમની કીર્તિ અને ઉપલબ્ધિઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હંમેશા યાદ રાખવામાં આવશે. મને જે નુકસાન થયું છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી, જે ખાલીપો પેદા થયો તે હવે આખી જિંદગી રહેશે. વર્ષો સુધી સાથે સફર બાદ હવે હું યાદોના સહારે જીવીશ.'

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# "શ્રી વર્ષાબેન ખખ્ખર ની રમતગમત માં સિધ્ધિ."





શ્રી બાજ ખેડાવાળ મિત્ર મંડળ સીનીયર સીટીઝન ફોરમ - અમદાવાદ દ્વારા રમત હરિફાઈ રાખવામાં આવેલ, જેમાં બહેનો અને ભાઈઓ માટે અલગ- અલગ ચાર સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં શ્રી એસ.વી.દોશી.ગર્લ્સ હાઈસ્કુલ નાં પૂર્વ પ્રિન્સિપાલશ્રી વર્ષાબેન નરેન્દ્રભાઈ ખખ્ખરે લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ નંબર તેમજ સંગીત ખુરશી સ્પર્ધામાં પણ પ્રથમ નંબર મેળવી રોકડ પુરસ્કાર મેળવી સાવર-કુંડલાનું નામ રોશન કરેલ. શ્રી પરેશભાઈ એ ઝડપીચાલમાં દ્વિતિય નંબર મેળવી રોકડ પુરસ્કાર હાંસલ કરેલ. ભાઈઓ માટે ચાર અને બહેનો માટે ચાર, એમ કુલ યોજાયેલ આંઠ સ્પર્ધા માં એકસાથે બે સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવવાનું ગૌરવ વર્ષાબેન ખખ્ખરને પ્રાપ્ત થયેલ,જેથી પ્રમુખશ્રી જગદીશભાઈ દવે અન્ય સર્વે હોદ્દેદારશ્રીઓ ,મંડળનાં હાજર રહેલા એક હજાર સભ્યોએ તાલીઓના ગડગડાટ વચ્ચે તેમની આ ઝળહળતી સિધ્ધિ ને બિરદાવી અભિનંદન ની વર્ષા વરસાવેલ.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સુપ્રસિધ્ધ બોટાદ મુક્તિધામ મેલડી માતાજી મંદીર નો નવમો પાટોત્સવ ઉજવાયો









અન્નકૂટ અને મહાઆરતી નું સુંદર આયોજન કરાયું કવિવર બોટાદકર ની જન્મભૂમિ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી ની કર્મભૂમિ બોટાદ નગરે ગુજરાત નું ગૌરવરૂપ હરિયાળું તીર્થધામ મુક્તિધામ જાયન્ટસ સંસ્થા ના ગ્રીન મેન સી.એલ.ભીકડીયા ના અથાગ પરિશ્રમ થી નિર્માણ પામ્યું છે. આ મુક્તિધામ પરિસર માં સુંદર મંદિર માં જગત જનની મેલડી માતાજી હાજરા હજુર બિરાજમાન છે.અહીં ગુજરાત ભર માંથી માઇ ભક્તો માનતા અને મન્નત માંગવા આવે છે. આવા ચમત્કારી અને પ્રખ્યાત મેલડી માતાજી મદિર નો નવમો પાટોત્સવ તા.૨૮/૧૧/૨૫ ના રોજ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ના બ્ર.કુ.રજની બહેન ની વિશેષ ઉપસ્થિત માં ધામ ધૂમ પૂર્વક ઉજવાયો.અન્નકુટ માં 56 પ્રકાર ના વિવિધ ભોગ ધરાવવા માં આવેલ. આ પ્રસંગે સહકારી આગેવાન અને પત્રકાર કનુ ભાઈ ખાચર , મુક્તિધામ ના પ્રણેતા ગ્રીન મેન સી.એલ.ભીકડીયા , મહેશભાઈ ભાદાણી (વિનાયક સાડી ) પરસોત્તમ ભાઈ (ચામુંડા એન્ટરપ્રાઈઝ) , મકા ભાઈ ભુવા , જીવરાજ ભાઈ કળથીયા , બીપીન ભાઈ ગઢિયા , અમિત ભાઈ વડોદરિયા , કિરણ બેન (ગોપી ડ્રેસીસ) , સંગીતા બેન , મહેન્દ્રસિંહ ઝાલા , દિપક ભાઈ હોમગાર્ડ વગેરે મોટી સંખ્યામાં ધર્મ પ્રેમી ભાઈ - બહેનો ઉપસ્થિત રહી અન્નકૂટ અને મહા આરતી નો લાભ લીધેલ. માતાજી નું શાસ્ત્રોકત વિધિ થી પૂજન વિદ્વાન શાસ્ત્રી નિરવ ભાઈ જોશી એ કરાવેલ.અહેવાલ કનુભાઈ ખાચર



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત પોકસો એકટ અંગે જાગૃતિકરણ સેમિનાર







જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયાના માર્ગદર્શન મુજબ લાઠી તાલુકાના દામનગરમાં ઝેડ.એન.અજમેરા હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ સાથે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત પોકસો એકટ અંગે જાગૃતિકરણ સેમિનાર આયોજિત થયેલ નગર પાલિકાના પ્રમુખ શ્રી ગોબરભાઈ નારોલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ આયોજિત થયેલ.આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતીના ચેરમેનશ્રી ધ્રુવભાઈ ભટ્ટ, જિલ્લા અને બાળ અધિકારીશ્રી કણઝરીયા સાહેબ,તાલુકા કાનુની સેવા સતા મંડળ લાઠી માંથી એડવોકેટ શ્રી ઈતેશભાઈ, પ્રિન્સીપાલ શ્રી હંસાબેન શિક્ષક ગણ તેમજ નારી અદાલત, Dhew, Osc, Pbsc,181, Child line સ્ટાફ ઉપસ્થિત રહેલ.પ્રિન્સીપાલ શ્રી હંસાબેન દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી કણઝરીયા સાહેબ દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંગે વિસ્તૃત માહિતી આપેલ.એડવોકેટ શ્રી ઈતેશભાઈદ્વારા પોકસો એકટ વિશે વિસ્તૃત કાયદાકીય માર્ગદર્શન આપેલ. જિલ્લા મિશન કો ઓર્ડીનેટર હસમુખભાઈ રાઠોડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ.સખી વન સ્ટોપ સેન્ટરમાથી ભારવીબેન દ્વારા સેન્ટર વિશે માહિતી આપેલ.કાઉન્સેલર રેશ્માબેન બાજેર દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર માહિતી આપેલ.જિલ્લા ઓર્ડીનેટર જસુબેન ભંડેરી દ્વારા નારીઅદાલત વિષે માહિતી આપવામાં આવેલ.કેસ વર્કર મહેકબેન દ્વારા ચાઈલ્ડ લાઈન વિશે માહિતી આપવામાં આવેલ.કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી ઉપસ્થિત નગર પાલિકાના પ્રમુખ શ્રી ગોબરભાઈ નારોલા દ્વારા પ્રેરણા સંદેશ આપવામાં આવેલ.એસ.એફ.એલ. મિનાક્ષીબેન દ્વારા આભાર વિધી કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## -:કૃષિ રાહત પેકેજ- અમરેલી જિલ્લો:-

## અમરેલી જિલ્લામાં અત્યારસુધીમાં ૨૫,૦૦૦થી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૭૫ કરોડથી વધુની સહાયતા રકમ જમા થઈ







**જિલ્લાના ૬૨૬ ગામમાંથી ૨.૧૯ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ સહાયતા પેકેજ અંતર્ગત વળતર મેળવવા માટે ઓનલાઈન અરજી કરી**

**જિલ્લામાં ગ્રામ સેવક, ખેતીવાડી અને વહીવટીતંત્રના તાલુકા સ્ટાફ દ્વારા દિવસ-રાત વેરીફીકેશનની કામગીરી કરવામાં આવી રહી છે**

અમરેલી તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૫ (શુક્રવાર) - અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાની માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર આવ્યું છે. જેના માટે હાલ તમામ અમરેલી ગ્રામ પંચાયત અને શહેરી વિસ્તારમાં કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે જોગવાઈ મુજબ વી.સી.ઈ મારફત નુકસાની થઈ હોય તેવા ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી તારીખ ૧૪.૧૧.૨૦૨૫ થી શરૂ થયેલી છે, જે આજ રોજ પૂર્ણ થવામાં છે. અત્યારસુધીમાં જિલ્લામાં ૨૫ હજારથી વધુ નુકસાનગ્રસ્ત ખેડૂતોને ૭૫ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફત સીધી અરજદારના આધાર લિંક બેક ખાતામાં જમા કરી દેવામાં આવી છે અને જેમ જેમ અરજીઓનું વેરીફીકેશન થશે, તેમ ખેડૂતોને ચુકવણું કરવામાં આવી રહ્યું છે.જિલ્લાના તમામ અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં ખેડૂતો દ્વારા આ અરજીઓ કરવામાં આવી છે. આજદિન સુધી સમગ્ર જિલ્લામાં એકંદર કુલ ૦૨ લાખ ૧૯ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોએ પાક નુકસાનીની સહાયતા મેળવવા બદલ વી.સી.ઈ મારફત ઓનલાઈન અરજીઓ કરી છે. આ અરજીઓમાં અરજદાર તરફથી રજૂ થયેલા સાધનિક ડોક્યુમેન્ટ અને વિગતોની ચકાસણીની કામગીરી ગ્રામસેવક અને તાલુકા સ્ટાફ મારફત કરવામાં આવી રહી છે. હાલના તબક્કે ૮૧ હજાર અરજીઓની ચકાસણી દિવસ-રાત કરવામાં આવી રહી છે.રાજ્ય સરકાર ખેડૂતોના હિતાર્થે રૂ. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે અને રૂ. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે જણસોની ખરીદી કરવામાં આવી છે. જગતના તાતની પડખે સંવેદના રાખી રાજ્ય સરકારે આફતની ઘડીમાં બનતી ત્વરાએ રાહત સહાય પહોંચાડવા માટે પ્રયાસો કર્યા છે. જેમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે તેમ જિલ્લા ખેતીવાડી વિભાગની એક યાદીમાં જણાવાયું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



જિલ્લા યુવા ભાજપ ના આગેવાન,
કોર્પોરેટર અને એડવોકેટ

## શ્રી ગૌતમ સાવજ

ને જન્મદિવસ ની શુભેચ્છા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## Jiyanshi Arvindbhai Borisagar

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બાઢડા-રાજુલા રોડનું દૂરસ્તીકરણ : પેવર પટ્ટાથી સમારકામ શરૂ

## અમરેલી જિલ્લના માર્ગ અને મકાન-રાજ્ય વિભાગ દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શનમાં વાહન વ્યવહાર સુગમ બનાવવા અવિરત કામગીરી





અમરેલી તા.૨૮ નવેમ્બર, ૨૦૨૫ (શુક્રવાર) - અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન- રાજ્ય વિભાગ દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ માર્ગ મરામતની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. હાલમાં બાઢડા-રાજુલા રોડનું દુરસ્તીકરણનું કામ શરૂ છે. આ રોડનું પેવર પટ્ટાથી સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ રોડની મરામતથી વાહન વ્યવહાર સુગમ અને સરળ બનશે. મહત્વનું છે કે, અમરેલી જિલ્લામાં માર્ગોના દુરસ્તીકરણ માટે અવિરતપણે કામગીરી કરવામાં આવી રહી છે.

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ

પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...







એનિવર્સરી કેક

સગાઈ કેક

મેક અપ કીટ કેક

ફોટો કેક

ફોન્ડન્ટ કેક

બેબીશાવર કેક

# અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



3273

28/11/25

Friday

## आत्मा

जब जिवन में एक "सांस" लेना कठीण होता है, तभी प्रत्येक सांस का महत्व समझता है।

बाबास्वामी

28/11/2025

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 28/11/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 28 નવેમ્બર
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૯૦૧ – કરસનદાસ માણેક (વૈશંપાયન), ગુજરાતી કવિ, લેખક, નિબંધકાર (અ. ૧૯૭૮)

૧૯૦૬ – ઈન્દુમતી ચીમનલાલ શેઠ, ગુજરાત, ભારતના એક સ્વાતંત્ર્ય સેનાની, રાજકારણી, સામાજિક કાર્યકર અને કેળવણીકાર (અ. ૧૯૮૫)

**અવસાન**

૧૮૯૦ – મહાત્મા જ્યોતિબા ફુલે, સમાજ સુધારક (અ. ૧૮૨૭)

## દામનગરમાં પોક્સો (POCSO) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો

### બેટી બચાવો-બેટી પઢાઓ સેલ-અમરેલી દ્વારા ઝેડ.એન.અજમેરા હાઈસ્કુલ દામનગર ખાતે કાર્યક્રમ યોજાયો

અમરેલી તા.૨૮ નવેમ્બર, ૨૦૨૫ (શુક્રવાર) - બેટી બચાવો-બેટી પઢાઓ સેલ-અમરેલી દ્વારા ઝેડ.એન. અજમેરા હાઈસ્કુલ દામનગર ખાતે પોક્સો (P O C S O) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો હતો. નગરપાલિકાના પ્રમુખશ્રી ગોબરભાઈ નારોલના અધ્યક્ષસ્થાને યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થિનીઓ અને મહિલાઓમાં બાળકીઓની સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયા દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ, લાઠીના એડવોકેટશ્રી, ઈતેશભાઈ મહેતા દ્વારા પોક્સો એક્ટ અંગે કાયદાકીય જ્ઞાન અને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી હસુમુખભાઈ રાઠોડ, શ્રી ભારવી બહેન, શ્રી, રેશ્માબેન બાજેર, શ્રી, જસુબેન ભંડેરી, શ્રઈ મહેકબહેન,શ્રી, ગોબરભાઈ, શ્રી, મીનાક્ષી બહેન દ્વારા વિષયને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનાર દ્વારા વિદ્યાર્થિનીઓમાં કાયદાકીય જ્ઞાન, સુરક્ષા અને સશક્તિકરણ અંગે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પોક્સો એક્ટ જેવી મહત્ત્વપૂર્ણ યોજના અને કાયદા અંગેની સમજણ આ સેમિનાર દ્વારા આપવામાં આવી જે સમાજમાં મહિલાઓ અને બાળકીઓના હીત માટે મહત્ત્વપૂર્ણ પગલું છે તેમ મહિલા અને બાળ અધિકારીશ્રી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 28/11/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 28/11/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 28/11/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

